| | |
|---|---|
| પોલીસ સ્ટેશન ગુ.ર.નં. કલમ | હાર્બર મરીન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.એ-૧૧૨૧૮૦૧૮૨૬૦૦૭૪/૨૦૨૬ બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૩૨૪(૬) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ... |
| મુદ્દામાલનો પ્રકાર અને નંબર | વાહન – બજાજ પલ્સર મોટરસાયકલ નં.**GJ**-25-**AB**-4543 |
| અરજદારનું નામ | મિલન ધનજીભાઈ વાજા |

## મુદ્દામાલ વાહન છોડાવવાની અરજી લગત હુકમ

આ કામમાં હાલના અરજદારે તેમની માલિકી અને કબ્જા ભોગવટાનું વાહન બજાજ પલ્સર મોટરસાયકલ કે જેના રજીસ્ટ્રેશન નં. **GJ-25-AB-4543** છે તે પોલીસે ઉપરોક્ત ગુન્હાના કામે કબ્જે કરેલ હોવાથી છોડાવવા માટે હાલની અરજી કરેલી છે. સદર વાહન પોલીસ દ્વારા બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૩૨૪(૬) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબના ગુન્હાના કામે કબ્જે લેવામાં આવેલ છે. આ કામે પોલીસ અભિપ્રાય વંચાણે લીધો અને વિ.એ.પી.પી.શ્રી ને સાંભળ્યા અને અરજદારના વિદ્વાન વકિલશ્રીની દલીલો સાંભળી.

આ કામે સદરહુ મુદ્દામાલ વાહન કે જેના રજીસ્ટ્રેશન નં.**GJ-25-AB-4543** છે તે પોલીસે, તપાસના કામે કબ્જે કરેલ છે જે અરજદારે પરત માંગેલ છે. અરજદારે સદરહુ વાહનની જે આર.સી. બુકની નકલ રજુ રાખેલ છે તે વંચાણે લેતાં સદરહુ વાહન અરજદારના નામે હોવાનું જણાય છે અને આ સંજોગોમાં સદરહુ વાહનનો કબ્જો ભોગવટો હાલના અરજદારનો હોવાનું પ્રથમ દર્શનીય જણાય છે. વધુમાં આ કામના આરોપીએ અલગથી સોગંદનામુ કરી એવું જાહેર કરેલ છે કે આ કામે પોલીસે કબ્જે કરેલ મુદ્દામાલ બજાજ પલ્સર **GJ-25-AB-4543** આ કામના અરજદાર મિલન ધનજીભાઈ વાજાને સોંપવામાં આવે તો તેમને કોઈ વાંધો હરકત નથી. અરજદાર સિવાય સદરહુ વાહનની માંગણી અન્ય કોઈ દ્વારા કરાયેલી નથી. હાલનો કેસ ચાલતા લાંબો સમય જાય તેમ છે અને આ સમય દરમ્યાન પોલીસ સ્ટેશનમાં સદરહુ વાહન બીન વપરાશુ હાલતમાં રાખી મુકવું યોગ્ય અને હિતાવહ નથી.

હાલના ગુન્હાના કામે સજાની જોગવાઇઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા **જી.એલ.એચ. ૨૦૦૩ (૧) પાના નં.૩૦૭ સુંદરલાલ અંબાલાલ દેસાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરી આપેલા સિદ્ધાંતો અને માર્ગદર્શનને લક્ષમાં રાખી સદરહુ મુદ્ધામાલ વધુ સમય પોલીસ સ્ટેશનમાં રાખી મુકવો ન્યાયોચિત જણાતું નથી અને જો તેમ કરવામાં આવે તો સદરહુ મુદ્ધામાલને નુકશાન થાય તેમ છે અને સદરહુ મુદ્ધામાલની મુળ કિંમતમાં ઘટાડો થશે અને અરજદારને ખોટી મુશ્કેલી વેઠવી પડશે વિગેરે તમામ સંજોગો ધ્યાનમાં રાખી સદરહુ મુદ્ધામાલ શરતોને આધીન અરજદારને વચગાળાની કસ્ટડીથી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે મારી દ્રષ્ટિએ યોગ્ય અને વ્યાજબી જણાય છે. પરિણામે ન્યાયના વિશાળ હીતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

આ કામના અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આથી હાર્બર મરીન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.એ-૧૧૨૧૮૦૧૮૨૬૦૦૭૪/૨૦૨૬ ના કામે કબ્જે લીધેલ મુદ્ધામાલ વાહન બજાજ પલ્સર મોટરસાયકલ કે જેના રજીસ્ટ્રેશન નં.**GJ-25-AB-4543** છે તે મુદ્ધામાલ પાવતીમાં દર્શાવેલી તેની કિંમતની દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી સદરહુ મુદ્ધામાલ વચગાળાના તબક્કે નીચેની શરતોને આધીન અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :**

(૧) અરજદારે મુદ્ધામાલ વાહન કેસ ચાલતા દરમ્યાન અન્ય કોઇને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઇ પણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવું કરાવવું નહી.

(૨) અરજદારે મુદ્દામાલ વાહનનો કોઇ પણ ગુન્હાહીત પ્રવૃતિમાં ઉપયોગ કરવો કરાવવો નહી.

(૩) અરજદારે મુદ્દામાલ વાહનની ઓળખ કે સ્વરૂપમાં કોઇ પણ રીતે ફેરફાર કરવો કરાવવો નહી તેમજ નામદાર કોર્ટ જયારે અને જયાં ફરમાવે ત્યારે રજુ કરવું.

(૪) અરજદારે મુદ્દામાલ વાહનના ત્રણ અલગ અલગ એન્ગલથી કલર ફોટોગ્રાફ તેમના ખર્ચે પડાવી તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ રાખવા અને તપાસ કરનાર અમલદારે સદરહુ ફોટોગ્રાફ્સ ચાર્જશીટના કાગળો સાથે રજુ રાખવા.

(૫) અરજદાર તથા જામીનદારે પોતાના તમામ ચાલુ બેન્ક ખાતાની પાસબુકની નકલ અત્રે રજુ કરવી.

ઉપરોક્ત તમામ શરતોનું અરજદારે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને તે પૈકી કોઇ પણ શરતનો ભંગ થયેથી આ હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે અને તપાસ કરનાર અમલદાર કે અધિકૃત પોલીસ અધિકારીએ તેનો તાત્કાલિક કબ્જો લેવાનો રહેશે.

આ હુકમની જાણ સબંધીત પોલીસ સ્ટેશને કરવી.

હુકમની એક નકલ ચાર્જશીટ થયેથી કામમાં સામેલ રાખવી.

**તારીખ– ૧૬/૦૩/૨૦૨૬**
**સ્થળ : પોરબંદર.**

**કુનાલ રાજેશભાઇ રાઠોડ**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**પોરબંદર.**
**(કોડ નં.જી.જે.૧૧૨૯)**